# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૧ તા.૨-૮-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Online Programme on School Leadership and management of the National Centre for School Leadership NIEPA બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાથમિક / એકેડમિક / ૨૦૧૯ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૩૧-૭-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે National Institue of Educational planning and Administration (NIEPA) દ્વારા શાળાના વડા/મુખ્ય શિક્ષકને 'શાળાના નેતૃત્વ વિકાસ' માટે તાલીમ આપવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમ શાળામાં પરિવર્તન માટે શાળાના વડાઓની નેતૃત્વ ક્ષમતાના નિર્માણમાં સફળ રહેલ છે. શાળાના નેતૃત્વ અને સંચાલન મૂળભૂત સ્તર પર એક ઓનલાઈન પ્રોગ્રામ લોન્ચ કર્યો છે. જે વેબ Url દ્વારા કરી શકાય છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો અભ્યાસ કરી તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૨-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
## બ્લોક ન. ૧૨/૧, ડૉ જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

BY Email.

ક્રમાંક:પ્રાથમિક/એકડમિક/૨૦૧૯/
તા. ૩૧/૭/૨૦૧૯

વંચાણમા લીધો:

NIEPA ના પ્રોફેસર રશમિ દિવાન નો F. NO. 41/ NIEPA-NCSL/2019 તા. ૨૨/૭/૨૦૧૯

વિષય: Online programme on School Leadership and Management of the National Centre for School Leadership, NIEPA બાબત.

પરિપત્ર :-

National Institute of Educational planning and Administration , ( NIEPA) દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી શાળાના વડા / આચાર્યોને "શાળાના નેતૃત્વ વિકાસ" માટે તાલીમ આપવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોગ્રામ શાળામાં પરિવર્તન માટે શાળાના વડાઓની નેતૃત્વ ક્ષમતાના નિર્માણમાં સફળ રહ્યો છે.

Online programme on School Leadership and Management of the National Centre for School Leadership, ના સંદર્ભમાં NCSL એ ફેબ્રુઆરી 2018 માં શાળાનાં વડા/આચાર્યો તમામ (Government and Government Aided ) માટે શાળાના નેતૃત્વ અને સંચાલન (Basic level) મૂળભૂત સ્તર પર એક ઓન-લાઇન પ્રોગ્રામ લોન્ચ કર્યો હતો, જે વેબ Url દ્વારા કરી શકાય છે.

ઉક્ત વંચાણમા લીધેલ પત્રમાં જણાવ્વયા મુજબ શાળાના નેતૃત્વ અને સંચાલન પરના ઓન -લાઇન પ્રોગ્રામને હવે વેબ Url: http://pslm.niepa.ac.in/. પર કરી શકાય છે આ વેબ કાયમી રહેશે. તેઓના બધા ઓન-લાઇન પ્રોગ્રામ આ લિંક પર આ પોર્ટલ પર શરૂ થશે.

શાળાના નેતૃત્વ અને સંચાલન પર હાલમાં ચાલુ ઓનલાઇન પ્રોગ્રામની સુવિધાઓ નીચે મુજબ છે

- હાલનો ઓન-લાઇન પ્રોગ્રામએ શાળાના મુખ્ય/આચાર્યો માટે (Basic level) મૂળભૂત સ્તર છે.
- શાળા નેતૃત્વ વિકાસ અભ્યાસક્રમનાં સાત અભ્યાસક્રમ ક્ષેત્રો પર બનાવવામાં આવ્યો છે અને તેમાં ઇન્ટરેક્ટિવ યુઝર ઇંટરફેસના વિવિધ મોડ્સ છે
- આ પ્રોગ્રામનો સમયગાળો અઢિ (૨.૫) મહિનાનો છે.વધુ વિગતો વેબસાઇડ પર આપવામાં આવેલ છે.
- આ પ્રોગ્રામની સમાપ્તિ બાદ NCSL, NIEPA દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે

NIEPA દ્વારા વર્ષ 2019- 2020 માં શરૂ થનાર અન્ય ઓનલાઈન પ્રોગ્રામ નીચે મુજબ છે :

- શાળા નેતૃત્વ વિકાસ અને સંચાલન માટે ઓન-લાઇન પ્રોગ્રામ Intermediate level
- શાળા નેતૃત્વ વિકાસ માટે ઓન-લાઇન of system level functionaries ( Distric/ Block/ cluster)

શાળા નેતૃત્વ માટેના રાષ્ટ્રીય કેન્દ્રના વેબ Url: http://pslm.niepa.ac.in/., ની આ લિંક છે આથી સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને સર્વે શાસનાધિકારીશ્રીઓ ને NIEPA ના ફેરફારને ધ્યાને લેવા વિનંતી છે અને આપના તાબા હેઠળના (Government and Government Aided ) શાળાના

સર્વે આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી તેની જાણ કરવા વિનંતી છે,જેથી પહેલેથી જ રજિસ્ટર્ડ સહભાગીઓ આ પ્રોગ્રામ સાથે ચાલુ રહી શકે અને નવા સ્કૂલના વડાઓ/આચાર્યોને વર્ષભર કોઈપણ સમયે નોંધણી કરાવી શકે.

આ અંગેની કોઈપણ વધુ સ્પષ્ટતા અને માહિતી માટે NCSL હેલ્પડેસ્ક પર સૂરજ કુમારનો સંપર્ક કરી શકાશે, તેઓનો સંપર્ક નંબર મો. 07011651546 ફોનનં 011-26544800/551/552, email id : ncslhepdesk@ gmail.com છે.

( એમ આઇ જોષી.)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.

સર્વે શાસનાધિકારીશ્રીઓ.

સર્વે આચાર્યશ્રીઓ (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓની કચેરી મારફતે )

નકલ સવિનય રવાના:

૧ સચિવશ્રી, શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર સવિનય જાણ સારું.

૨.પ્રોફેસર રશમિ દિવાન NIEPA નવી દિલ્હી જાણ સારું.